# ઉત્તર ગુજરાતની શાળાઓમાં આજથી ઓનલાઈન શિક્ષણ શરૂ

### માત્ર શિક્ષકો અને કર્મચારીઓ શાળામાં હાજર રહેશે, કોરોના ઘટ્યો છતાં હાઉ યથાવત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬
કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે ત્યારે રાજ્ય સહિત ઉત્તર ગુજરાતની શાળાઓમાં સોમવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. જેમાં ઓનલાઈન શિક્ષણ અપાશે. માત્ર શિક્ષકો અને કર્મચારીઓ શાળામાં હાજર રહેશે. ઉત્તર ગુજરાતના ૧૮,૫૦૦ શાળાઓમાં ઉનાળુ વેકેશન પુરૂ થતાં સરસ્વતી ધામ રાબેતા મુજબ ખૂલી રહ્યાં છે. મોટાભાગના વાલીઓએ ઓનલાઈન કરતાં ઓફ લાઈન શિક્ષણની વધુ તરફદારી કરી છે તે જોતાં રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગે ધો.૯ થી ૧૨ તેમજ ત્યાર પછી ધો.૬ થી ૮ માં વર્ગ ખંડમાં શિક્ષણકાર્ય શરૂ કરવા હિંમત દાખવવી પડશે.

આજે તા.૭ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. ઉત્તર ગુજરાતમાં ધો.૧૦ ના



૧.૩૫ લાખ વધુ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી દેવામાં આવ્યું છે. જ્યારે રીપીટર વિદ્યાર્થીઓ માટે કોઈ નિર્ણય લેવાયો નથી. શાળાઓ ખુલતાંની સાથે જ આચાર્ય અને સંચાલકો માટે ધો.૧૧ માં પ્રવેશ આપવો માથાના દુ:ખાવારૂપ બની શકે છે. જ્યારે ધો.૧૦ માસ પ્રમોશન મેળવેલા વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરવામાં જ જૂન મહિનો પસાર થઈ જાય તેવી સંભાવના છે. એક રીતે પરિણામ શાળાઓનું અને માર્કશીટ બોર્ડ આપશે તેવી સ્થિતિમાં આવનારા દિવસોમાં કેટલીક મુશ્કેલીઓ સામે આવી શકે છે. ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકાઓમાં પ્રથમ નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું છતાં સ્ટેશનરી બજારમાં કોઈ ઘરાકી જોવા મળી નથી. જેના કારણે સ્ટેશનરીના વેપારીઓ નિરસ જોવા મળ્યા. જ્યારે એકમાત્ર ખુશાલી ઉત્તર ગુજરાતની શાળાઓમાં ઉચ્ચત્તર મા. વિભાગમાં જે શિક્ષકોની શિક્ષણ સહાયક તરીકે પસંદગી થવાની છે તે આજે પોતાને નિમણૂંક મળેલી શાળામાં હાજર થશે જેથી શિક્ષકોની ઘટથી પીડીત અનેક શાળાઓને અને આચાર્યોને રાહત થઈ શકે છે.

### ઉત્તર ગુજરાતમાં ૬ મહિનાથી બંધ કોર્ટ

# આજથી શરૂ થશે, પ્રત્યક્ષ સુનાવણી શરૂ થતાં અરજદારોને રાહત

### અનેક વકીલોની આર્થિક હાલત કફોડી બની

**હાજીર હો..**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬
કોરોનાના કારણે રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં ૬ મહિનાથી બંધ કોર્ટ આજે સોમવારથી રાબેતા મુજબ ખુલશે. છેલ્લા ૬ મહિનાથી કોર્ટ બંધ રહેવાના કારણે અનેક વકીલોની આર્થિક હાલત કફોડી બની હતી. આ સંજોગોમાં સરકાર દ્વારા કોર્ટ શરૂ કરવાના નિર્ણયને મોટાભાગના બાર એસોસીએશનોએ આવકાર્યો છે. કોર્ટમાં પ્રત્યક્ષ સુનાવણી શરૂ થતાં લાંબા સમયથી ન્યાય ઝંખતા અરજદારોને રાહત થશે.

વૈશ્વિક મહામારી બનેલા કોરોનાના કારણે અનેક નાના-મોટા ધંધા-રોજગાર પડી ભાંગ્યા હતા જે આંશિક લૉકડાઉનમાં અંશતા: ધમધમ્યા પારંતુ ગુજરાતની કોર્ટમાં કોરોનાના વધતા સંક્રમણના કારણે કામગીરી બંધ કરી કોર્ટ બંધ કરવામાં આવી હતી. ડિસેમ્બર-૨૦૨૦ થી કોર્ટ બંધ હોવાના કારણે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના હજારો વકીલો આર્થિક સંકળામણમાં આવી ગયા હતા. ગુજરાત બાર કાઉન્સિલ સમક્ષ પણ વકીલો માટે રાહત સહાય પેકેજની માંગ કરવામાં આવી હતી.

ત્યારે આજે સોમવારથી સરકાર દ્વારા કોર્ટની સાથે તમામ સરકારી કચેરીઓ પૂરા સ્ટાફ સાથે શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે તે મુજબ ઉત્તર ગુજરાતના ૫ જિલ્લા અને ૪૭ તાલુકાઓમાં કોર્ટની કામગીરી નિર્વિધ્ને શરૂ થઈ શકે છે. લાંબા સમયથી ભૂલાયેલા હાજીર હો..ના પોકાર સાંભળવા મળી શકે છે. જો કે ગુજરાત હાઈકોર્ટે અગાઉ ૩૦ જૂન સુધી ઓનલાઈન કોર્ટ શરૂ કરવાનો પરીપત્ર કર્યો હતો અને હવે ફીઝીકલી રીતે કોર્ટ શરૂ કરવાનો પરીપત્ર આવતાં અસમંજસનો અંત આવ્યો છે.

### કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવતી કોર્ટ વિડીયો કોન્ફરન્સથી ચાલશે

સોમવારથી નીચલી અદાલતો શરૂ થઈ રહી છે ત્યારે માત્ર કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવતી કોર્ટ વિડીયો કોન્ફરન્સથી ચલાવવાનો નિર્ણય લેવાયો છે. પ્રત્યક્ષ સુનાવણી કોર્ટમાં થવાની છે ત્યારે સવારના ૧૧-૦૦ થી સાંજના ૬-૦૦ સુધી અરજદાર, પક્ષકાર અને વકીલ કોર્ટ સંકુલમાં પ્રવેશી શકે છે.

# પ્રિ-મોન્સૂન : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારમાં વરસાદી ઝાપટાં

### તલનો પાક ભીંજાઈ જતાં ખેડૂતોને પડતા ઉપર પાટુનો ઘા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૨ દિવસથી પ્રિ-મોન્સૂન જેવી સ્થિતિ છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં વરસ્યાં, ક્યાંક કાળાં ડીબાંગ વાદળો ગોરંભાયેલાં જોવા મળ્યાં તો અનેક વિસ્તારોમાં પ્રજાને ત્રાસદાયક સ્થિતિમાં મૂકતો બફારાનો અનુભવ થયો.

દર વર્ષે ચોમાસુ જૂન મહિનામાં શરૂ થાય તેવી માન્યતા આ વર્ષે બદલાઈ છે. તાઉતે વાવાઝોડાના કારણે મે. મહિનામાં દોઢ થી પાંચ ઈંચ વરસાદ ખાબકતાં ખેડૂતો માટે આનંદ વ્યક્ત કરવો કે પછી લમણે હાથ મૂકવો..?? જેવી સ્થિતિ થઈ છે. જ્યારે તા.૪ થી ૬ જૂન દરમ્યાન જિલ્લાના અનેક વિસ્તારોમાં સેમી વાવાઝોડું તેમજ વીજળીના કડાકા-ભડાકા સાથે અડધા થી સવા ઈંચ વરસાદ વરસ્યો છે. જેથી ઉનાળુ ખેતી કરતા ખેડૂતો પાયમાલ બન્યા છે. વાવાઝોડાના કારણે બાગાયતી પાકને પણ નુકસાનના આંકડા સામે આવી રહ્યા છે. દર વર્ષે બંન્ને જિલ્લામાં ઉનાળા દરમ્યાન તલનું વાવેતર પણ ખેડૂતો કરતા હોય છે. તલનો પાક તૈયાર થયો એટલે કાપણી કરીને ખેતરમાં જ ઉભો રાખ્યો હતો.

પરંતુ બે દિવસ દરમ્યાન વરસેલા હળવા અને ભારે વરસાદી ઝાપટાંના કારણે તલનો પાક ભીંજાઈ જતાં ખેડૂતોને પડતા ઉપર પાટુના ઘા જેવી સ્થિતિ આવી પડી છે. રવિવારે સવાર થી ભયંકર બફારો હતો પરંતુ બપોર બાદ આકાશમાં કાળાં ડીબાંગ વાદળો ગોરંભાયાં છે. અસહ્ય બફારો જોતાં મોંડી રાત્રે કેટલાક વિસ્તારોમાં પ્રિ-મોન્સૂન એક્ટિવીટીના ભાગરૂપે ક્યાંક વરસાદ વરસી શકે છે.

### વહીવટી તંત્રનું ઉપજતું નથી

# મોડાસા-બાયડ-કપડવંજ હાઈવે ઉપર પ્રિ-મોન્સૂનની કામગીરી કાગળ ઉપર

### ભારે વરસાદમાં માર્ગ જળબંબોળ બનવાની સાથે નાના વાહનચાલકો ગટરમાં ખાબકવાની દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬
વહીવટી તંત્ર દ્વારા ચોમાસાના કારણે પ્રિ-મોન્સૂન કામગીરી પૂરી કરવા તમામ વિભાગને સૂચના આપવામાં આવી પરંતુ આર. એન્ડ બી. સ્ટેટ કુંભકર્ણની નિંદ્રામાં પોઢતું હોય તે રીતે મોડાસા-બાયડ-કપડવંજ હાઈવે ઉપર પ્રિ-મોન્સૂન કામગીરી માત્ર કાગળ ઉપર પૂરી કરી હશે. ભારે વરસાદમાં માર્ગ જળબંબોળ બનવાની સાથે નાના વાહન ચાલકો ગટરમાં ખાબકવાની દહેશત છે. મોડાસા-બાયડ-કપડવંજ હાઈવેના જવાબદાર અધિકારી સામે વહીવટી તંત્રનું કશું ઉપજતું નથી તેવી તાસિર ઉભરી છે. હાઈવે પરનાં ગટરનાં ઢાંકણ તૂટી જઈને જોખમી બન્યાં છે અને દુરસ્ત કરવા માટે સ્થાનિક પંચાયતો, નગરપાલિકા દ્વારા રજૂઆત પછી પણ અધિકારી મહાશયના પેટનું પાણી હલતું નથી.

ચોમાસુ આવે એટલે આર. એન્ડ બી. ના અધિકારીઓને ગલગલીયાં થવા લાગે છે. કારણ કે પ્રિ-મોન્સૂન કામગીરી હેઠળ માત્ર કાગળ ઉપર કામગીરી બતાવી મસમોટી ગ્રાન્ટો ઓહીયા કરાતી હોવાના ગંભીર આક્ષેપ છે. મોડાસા-કપડવંજના ૬૪ કી.મી. લાંબા માર્ગ ઉપર ગટર તેમજ અન્ય પુલિયાં ગંદકીથી ભરાઈ ગયાં છે અને આજદિન સુધી તેની સફાઈ થઈ નથી. મોડાસા-ધનસુરા-બાયડ-ડેમાઈ સહિતના વિસ્તારોમાં હાઈવે ઉપરની ગટરો તૂટી હોવા છતાં મરામત થતી નથી. મરામત તો ઠીક પરંતુ તૂટી ગયેલાં ઢાંકણ પણ બદલવામાં આવ્યાં નથી. વિભાગના અધિકારીઓને ધ્યાન દોરવા છતાં પણ હોતી હૈ, ચલતી હૈ..ની કામગીરી ઉપર જ તેઓ નિર્ભર છે. કાં તો તેમના હાથ નીચે કામ કરતો સ્ટાફ તેમને ગાંઠતો ન હોય તેવું બને પરંતુ મોટા સાહેબનો ભ્રષ્ટાચાર નાના કર્મચારીઓ જાણી ગયા હોવાથી હરફ ઉચ્ચારી શકતા ન હોય તેવું પણ બને. અરવલ્લી કલેક્ટરે આર. એન્ડ બી. સ્ટેટ પાસે મોડાસા-બાયડ-કપડવંજ હાઈવે ઉપર પ્રિ-મોન્સૂન કામગીરી કઈ કરી..?? તેની વિગતો મેળવીને સરપ્રાઈઝ તપાસ હાથ ધરવામાં આવે તો અનેક પ્રકારની લાલીયાવાડી બહાર આવી શકે છે.



# આકરૂન્દ પંથકના જનજીવનને ધબકતું રાખતા જશુભાઈ પટેલે કોરોનાને હરાવ્યો, પરંતુ જીંદગીનો જંગ હાર્યા

### કોઈપણ ખોટી બાબત ચલાવી નહીં લેવી, સ્પષ્ટ વક્તાની વિદાયથી આઘાતની લાગણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬
કોરોનાએ આકરૂન્દ વિસ્તારમાં વધુ એક પ્રહાર કર્યો છે. ધનસુરા તાલુકાના આકરૂન્દ પંથકના જનજીવનને ધબકતું રાખનાર જશુભાઈ લવજીભાઈ પટેલ કોરોના સામે ૧૦ દિવસ બાથભીડી કોરોનાને હરાવ્યો પરંતુ જીંદગીનો જંગ હારી જતાં સ્પષ્ટ વક્તાની વિદાયથી પંથક અને આંજણા પાટીદાર સમાજમાં આઘાતની લાગણી પ્રસરી છે.

કોરોનાની બીજી લહેરમાં ૨૨ થી ૫૫ વર્ષની વયના અનેક લોકોના મોત નિપજ્યા છે. કોરોનાનું સંક્રમણ ભલે કાબુમાં આવ્યું પરંતુ કોરોનાના કારણે જેમને પણ સ્વજનો ગુમાવ્યા છે તેમના ઉપર અત્યારે શું વીતી રહ્યું છે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. એક પછી એક આકરૂન્દ ગામે કોરોનાથી સંક્રમિત અને કોરોનાને હરાવ્યા પછી મહિનામાં ૪ આશાસ્પદના મોતથી સમગ્ર ગામમાં શોક છવાયેલો છે. આકરૂન્દ ગ્રામ પંચાયત વિસ્તારના



વિકાસ તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં સારૂ શિક્ષણ કાર્ય કેવી રીતે મળે, શું કરવું જોઈએ તે માટે હંમેશાં માર્ગદર્શન કરનાર, ગમે તે અધિકારી કે પછી આગેવાન હોય પરંતુ કોઈપણ ખોટી બાબત ક્યારેય નહીં ચલાવી લેવી, એક સ્પષ્ટ વક્તા તરીકેની ઓળખ ધરાવનાર જશુભાઈ લવજીભાઈ પટેલ કોરોનાથી સંક્રમિત થતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. યોગ્ય સારવાર પછી કોરોના સંક્રમણમાંથી બહાર આવ્યા પરંતુ ઓક્સિજનનું લેવલ યોગ્ય જળવાતું ન હોવાના કારણે હોસ્પિટલમાં રાખવામાં આવ્યા હતા પરંતુ તેમના શરીરમાં ચેપ વધુ પ્રસર્યો હતો તે જીવલેણ સાબિત થતાં શનિવારે સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. વકીલના હુલામણા નામથી ઓળખાતા જશુભાઈ પટેલના દુ:ખદ નિધનથી આકરૂન્દ પંથકના તમામ સમાજના લોકોમાં શોક છવાયો હતો. સદ્ગતના પાર્થિવ દેહને કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ આકરૂન્દ ગામના સ્મશાન ગૃહમાં અંતિમ વિધિ કરવામાં આવી હતી.

### કુદરતે કરવટ બદલતા જગતનો તાત ચિંતાતુર

# ભિલોડા, શામળાજી વિસ્તારમાં રાત્રે સાર્વત્રિક વરસાદ વરસ્યો

ભિલોડા,તા.૦૬
ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરો વર્તાતા વારંવાર કુદરતી રીતે વાતાવરણમાં પલ્ટો આવતા પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે. અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે રાત્રે વરસાદ વરસ્યો ખેડુતો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો વારંવાર ખોરવાતા પ્રજાજનો પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા, શામળાજી તમજ આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો ઠેર-ઠેર વરસાદી પાણી ખેતરો અને ખાળા-ખાબોચિયાઓમાં ભરાયું છે. કાદવ, કિંચડનું સામ્રાજય ફેલાયું સાથે-સાથે માખી, મચ્છર અને જીવાતનો ઉપદ્રવ વધતા રોગચાળો ફેલાઈ શકે તેવી દહેશત સેવાઈ રહી છે. ભિલોડા તાલુકામાં વીજળીના કડાકા અને ભડાકા સાથે ધીમી ગતિએ એક ઈંચ વરસાદ મધ્ય રાત્રે વરસ્યો હતો. હાલના તબક્કે વરસાદનો વિરામ સામાન્ય વાતાવરણ સર્જાયું છે. આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ રહ્યા છે. અસહ્ય બાફ અને ઉકળાટભર્યો માહોલ સર્જાયો હોય ત્યારે વરસાદ આવશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.



## પ્રાંતિજ લાઇફકેર હોસ્પિટલ તથા સિવિલ ખાતે મોકડ્રીલ યોજાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ લાઈફકેર તથા પ્રાંતિજ સિવિલ ખાતે ICU વિભાગમા આગ લાગતા દોડધામ મચી ગઈ હતી તો આ અંગેની જાણ પ્રાંતિજ પીઆઈ પી.એલ.વાઘેલાને થતા પ્રાંતિજ પોલીસ કાફલા સાથે દોડી આવ્યા હતા. તો પ્રાંતિજ ફાયર બ્રિગેડને જાણ થતા તેવો પણ તાત્કાલિક સ્થળ ઉપર દોડી આવ્યા હતા. પ્રાંતિજ ખાતે બે જગ્યાએ મોકડ્રીલ યોજાયુ હતુ જેમા પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ લાઈફકેર હોસ્પિટલ તથા નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ સિવિલ મા આવેલ આઈ.સી.યુ. વિભાગમા આગ લાગી હતી અને આગને લઈને નાસભાગ થઈ ગઈ હતી અને આગ લાગતા જ પ્રાંતિજ પોલીસ તથા પ્રાંતિજ ફાયર બ્રિગેડને જાણ થતા પ્રાંતિજ પીઆઈ પી.એલ.વાઘેલા તથા પીએસસાઈ એસ.જે.ગોસ્વામી સહિત પોલીસ સ્ટાફ સાથે તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તો પ્રાંતિજ ફાયર ટીમના કપ્તાન મુકેશભાઈ પરમાર, ગોપાલભાઈ પટેલ, સહિત ટીમ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા તો લાઈફકેર હોસ્પિટલના ઉપરના માળે આઈ.સી.યુ.માં લાગેલ આગ હોલવી હતી તો બીજીબાજુ ફાયર ટીમ અને પોલીસ ટીમ દ્વારા આઈ.સી.યુ.માં રહેલ દર્દીને બચાવી લેવામા આવ્યો હતો અને દર્દીને સીડીઓ મારફતે ટેંચરની મદદથી નીચે ઉતારીને એમ્બ્યુલન્સ મારફતે અન્ય સિવિલ ખાતે સિફ્ટ કરવામા આવ્યો હતો તો પ્રાંતિજ સિવિલ ખાતે પણ પ્રાંતિજ પોલીસ અને ફાયર ટીમ તાત્કાલિક દોડી આવી આઈ.સી.યુ.માં લાગેલ આગ હોલવી હતી અને ઉપરના માળેથી દર્દીઓને ફાયર ટીમ અને પોલીસ દ્વારા દોરડાની મદદથી દર્દીને નીચે ઉતારવામા આવ્યો હતો તો પ્રાંતિજ પોલીસ અને ફાયર બ્રિગેડ ટીમ દ્વારા સંયુક્ત ઉપક્રમે મોકડ્રીલ યોજાયુ હતુ તો મોકડ્રીલ દરમ્યાન ફાયર બ્રિગેડ ટીમ ના કપ્તાન મુકેશભાઈ પરમાર દ્વારા ટીમને તથા ડૉકટરો તથા હોસ્પિટલ સ્ટાફ તથા પોલીસ ટીમને આકસ્મિક રીતે આગ લાગે તો કેવી પ્રાથમિક ધોરણે કાર્યવાહી વિષે માર્ગદર્શન પણ આપ્યુ હતુ તો પ્રાંતિજ પીઆઈ પી.એલ.વાઘેલા, પ્રાંતિજ પીએસઆઈ એસ.જે.ગોસ્વામી, ડૉ.શ્રેયા પટેલ, ફાયરબ્રિગેડ ટીમના કપ્તાન મુકેશભાઈ પરમાર, ગોપાલભાઈ સહિત પોલીસ જવાનો તથા ફાયર બ્રિગેડ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા તો તંત્ર તથા આજુ બાજુમાથી પ્રસાર થતા લોકોને આ ઘટના મોકડ્રીલ છે ખબર પડતા હાશકારો લીધો હતો.

ગાંધીનગર સમાચાર
**બાયડના ગ્રાહકો જોગ**
ફેરીયા / એજન્ટ બિલ લેવા આવે ત્યારે પાકુ બીલ અવશ્ય લેવું.
તે સિવાય બીલ પેમેન્ટ આપવું નહીં.
મો. ૯૪૨૬૫ ૮૫૧૦૧, ૯૭૨૫૨ ૧૪૫૫૫

**વ્હાલસોયાને બીજી વાર્ષિક પુણ્યતિથિએ**
**શ્રદ્ધાંજલિ**



સ્વ.નિર્મલ(ચકો)મનહરભાઈ પટેલ
સ્વ. તા.૭-૬-૨૦૧૯, શુક્રવાર
રડોદરા, તા.બાયડ

નથી હયાત પણ છો હરહંમેશ એમ લાગ્યા કરે, હરહંમેશ તમારો હોવાનો આભાસ રહ્યા કરે છે, ક્યારેય કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે, યાદોમાં સતત આપના દર્શન થયા કરે છે, પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

શોકાતૂર..
મનહરભાઈ હીરાભાઈ પટેલ, પપ્પા
(નિવૃત્ત શિક્ષક : પી.સી.એન. હાઈસ્કુલ, મેઘરજ)
કોકીલાબેન મનહરભાઈ પટેલ, મમ્મી
તેજસકુમાર રમણલાલ પટેલ, બનેવી
નિધિબેન તેજસકુમાર પટેલ, બહેન
ધ્યાનમ - વાચા (ભાણેજ)
૯, વિવેકાનંદ સોસાયટી, વિભાગ-૨, બાયડ, જિ. અરવલ્લી